# મનુષ્ય જીવનનું મૂળ-શ્રીમદ્દભગવદ્દગીતા

ટોનિકા સુરેશભાઇ ગરાસિયા
રીસર્ચ સ્કોલર (સંસ્કૃત વિભાગ)
મોનાર્ક યુનિવર્સિટી, અમદાવાદ

ડૉ. રમેશભાઈ પટેલ
માર્ગદર્શક
મોનાર્ક યુનિવર્સિટી, અમદાવાદ

સારાંશ

*શ્રીમદ્દભગવદ્દગીતા અલૌકિક ગ્રંથ છે. તેનું વાંચન-મનન-ચિંતન કરી તેના ઊંડા ભાવોને સમજીએ. ગીતામાં ધણી જ સુગમ વાતોને ખુબજ સરળતાથી ભગવાન કૃષ્ણે સમજાવી છે. ગીતામાં ભગવાન કહે છે કે માત્ર તમે સરળ હૃદયથી પરમાત્માની પ્રાપ્તિમાં લાગી જાઓ અને તમારા જે નિત્ય કર્મ કરી રહ્યા છો તેને કરતાં કરતાં જ પરમાત્માનો પ્રેમ પ્રાપ્ત થઈ જશે. ગીતા પરિવર્તન નહિ, પરિમાર્જન ને માટે કહે છે કે મનુષ્ય જે કઈ પણ કાર્ય કરે છે તેમાં નિષિદ્ધકર્મ કરી ને કર્મ ને માત્ર ને માત્ર ભગવદ પ્રાપ્તિ ને માટે જ કરો. આમ ભગવાનની આજ્ઞા અનુશાર કર્મ કરીએ તોજ સંસારમાં સુખની પ્રાપ્તિ થશે અને પરમાત્મને પણ પામી શકશો.*

---

**સૂચક શબ્દો** : *ભગવદ્દગીતા, અલૌકિક, પરિમાર્જન, નિષિદ્ધકર્મ, પરમાત્મ પ્રાપ્તિ*

---

### ૧. પ્રસ્તાવના

ભગવાન કૃષ્ણે અર્જુનને નિમિત્ત બનાવી મનુષ્ય જીવનને સદાચારી જીવન જીવવા તથા દુર્ગુણ – દુરાચારોનો ત્યાગ કરીને સત્કર્મના માર્ગે ચાલવાની અનેક યુક્તિઓ ગીતામાં વર્ણવી છે. વર્ણ, સ્વભાવ, આશ્રમ અને પરિસ્થિતિઓને અનુરૂપ વિહિત કર્તવ્ય કર્મ કરવા માટે ભગવાન કહે છે કે શ્રેષ્ઠ પુરુષ જે જે આચરણ કરે છે, અન્ય પુરુષ પણ તેવું તેવું જ આચરણ કરે છે. ખરેખર તો મનુષ્યના આચરણથી જ તેની ખરેખરી સ્થિતિને જાણી શકાય છે. મનુષ્યદેહનો મહિમા વિવેકને કારણેજ છે. આ વિવેક સમગ્ર પ્રાણી માત્રમાં છે પરંતુ જેના દ્વારા પરમાત્મતત્વની પ્રાપ્તિ થાય એવો સત્ત- અસત્, કર્તવ્ય- અકર્તવ્યનો વિવેક ગુણ માત્ર મનુષ્યમાં જ છે.

### ૨. શોધપરિધિ

પ્રાણીમાત્રના પરમ સુહૃદ ભગવાનના મુખથી નીકળેલી ‘શ્રીમદ ભગવદ ગીતા’ મનુષ્ય માત્રના કલ્યાણ માટે વ્યવહારમાં પરમાર્થનો અલૌકિક બોધ આપે છે. કોઈ પણ મનુષ્ય હોય, તે પછી ભલે કોઈ પણ જાતિ,વર્ણ,કે કોઈ પણ આશ્રમનો હોય, કોઈ પણ સંપ્રદાયનો હોય અને કોઈ પણ પરિસ્થિતિમાં હોય,તે ત્યાં

રહીને જ તે ઈશ્વરતત્વને પામી શકે છે. જો મનુષ્ય નિષિદ્ધ કર્મોનો બધી રીતે ત્યાગ કરીને અને નિષ્કામભાવથી નિશ્ચિત કર્મો કરતો રહે તો આનાથી તેને ઈશ્વર પ્રાપ્તિ થઈ જશે.

**सुखदुःखे समे कृत्वा लाभालाभौ जयाजयौ।**
**ततो युद्धाय युज्यस्व नैवं पापमवाप्स्यसि ॥**[1]

જીવનમાં સુખ-દુ:ખ, લાભ-હાનિ વગેરે આવે છે અને આ બધુ સમયની સાથે ચાલ્યું જાય છે, પરંતુ આપણે જેવા છે એવાજ રહીએ છીએ. તેથી સમતામાં આપણી સ્થિતિ આપમેળે જ સ્વાભાવિક છે અને તે સમતા તરફ ગીતા લક્ષ્ય કરવી રહી છે કે આવી અનેક સંસારી પરિસ્થિતિઓ જીવનમાં આવશે અને જશે. જે પણ પરિસ્થિતિ આવસે તે કાયમ માટે રહેવાની નથી, તેથી તેમાં ફસાવું નહી. આવી સ્થિતિમાં અત્યંત સુખી કે અત્યંત દુ:ખી થવું નહી. સુખી એટલે કે અનુકુળ સ્થિતિ આવે તો બીજા ને સુખ પહોચડવું અને જરૂરિયાત-મંદની સેવા કરવી. તથા પ્રતિકુળ પરિસ્થિતિ આવે તો એમાં અત્યંત દુ:ખી ન થતાં સુખની ઈચ્છાનો ત્યાગ કરીને જીવનના સાચા લક્ષ્ય પરમાત્મપ્રાપ્તિ માટે આગળ વધતાં રહેવું જોઇએ.

**कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन।**
**मा कर्मफलहेतुर्भूर्मा ते सङ्गोऽस्त्वकर्मणि ॥**[2]

તારું નિત્ય કર્તવ્યકર્મ કરવાનો અધિકાર છે, તેના ફળોમાં કદી નહી, તું પોતાની જાતને કદાપિ પોતાના કર્મનાં ફળોનું કારણ માનીશ નહી અને સ્વકર્મ કરવામાં પણ કદી આસક્ત થઈશ નહી. મન, બુદ્ધિ, ઈંદ્રિઓ, દેહ, પદાર્થ, ધન-સંપત્તિ આ બધુ જે કઈ પણ આપણી પાસે છે તે બધુ જ સંસાર દ્વારા મળેલું છે. તેથી તેમાં આસક્ત ન થતાં આ બધુ સંસારનું જ છે આ સત્યને જાણીને સમગ્ર જીવનું હિત કરતાં રહેવું અને લોકોને સુખ પહોચડવું આમ સંસાર દ્વારા મળેલી સામગ્રીઓને સંસારના સારા કાર્યમાં જ લગાડવી એજ મનુષ્ય નો સાચો કર્મ છે.

જીવનના કલ્યાણ માટે ભગવાન કૃષ્ણે ગીતામાં બે નિષ્ઠા બતાવી છે.

**૧. જ્ઞાનયોગ**

**૨. કર્મયોગ**

આ બંને યોગમાં જ્ઞાનની પ્રાપ્તિના અનેક ઉપાયો શાસ્ત્રીય પદ્ધતિથી જ્ઞાનાર્જનની પ્રક્રિયા ભગવદ્ગીતામાં જણાવી છે.[3] જ્ઞાનયોગ એ ગુરુપરંપરાને આધીન છે અને કઠિન છે.[4] જ્યારે કર્મયોગની પ્રણાલીમાં ગુરુની

---

[1] श्रीमद्भगवद्गीता- अध्याय २, श्लोक: ३८ ।

[2] श्रीमद्भगवद्गीता- अध्याय २, श्लोक: ४७ ।

આવસ્યકતા નથી[5] અને કર્મયોગ કરવામાં પણ સરળ છે[6]. તથા કર્મયોગનું અનુષ્ઠાન કરવાથી તે અવશ્ય ફળ પ્રાપ્તિ વાળો થઈ જાય છે.[7]

ભગવાન કૃષ્ણે સર્વસાક્ષી સૂર્યને સૃષ્ટિની શરૂવાતમાં અનાદિ કર્મયોગનો ઉપદેશ આમાટે કીધો હતો કે જેમ સૂર્યના પ્રકાશમાં અનેકો કર્મો થાય છે પરંતુ સૂર્ય કર્મોના બંધનથી બંધતો નથી તેવી જ રીતે ચેતનની સાક્ષીમાં ઘણા કર્મો થવાથી તેઓ કર્મા બંધન કારક થતાં નથી પરંતુ જો તેઓને તેમાથી જરા પણ સુખનો સંબંધ હશે તો તેઓ અવશ્ય જ બંધન કર્તા થઈ જશે. કર્મયોગીઓએ પણ આ મુજબ જ પોતાના નિયત કર્મોને સમય પર કરવા માટે તત્પર રહેવું જોઇએ.

**मयि सर्वाणि कर्माणि संन्यस्याध्यात्मचेतसा ।**
**निराशीर्निर्ममो भूत्वा युध्यस्व विगतज्वरः ॥**[8]
**ये मे मतमिदं नित्यमनुतिष्ठन्ति मानवाः।**
**श्रद्धावन्तोऽनसूयन्तो मुच्यन्ते तेऽपि कर्मभिः ॥**[9]

તું વિવેકવતી બુદ્ધિના દ્વારા સઘળા કર્તવ્ય-કર્મો મને અર્પણ કરીને કામના, મમતા અને સંતાપરહિત થઈ ને યુદ્ધરૂપી કર્તવ્ય-કર્મ કર. જે મનુષ્ય દોષ દૃષ્ટિથી રહિત થઈને શ્રદ્ધાપૂર્વક મારા આ મતનું સદા અનુકરણ કરે છે તેઓ પણ સાઘળા કર્મોના બંધનથી મુક્ત થઈ જાય છે.

**मां हि पार्थ व्यपाश्रित्य येऽपि स्युः पापयोनयः।**
**स्त्रियो वैश्यास्तथा शूद्रास्तेऽपि यान्ति परां गतिम् ॥**[10]
**किं पुनर्ब्राह्मणाः पुण्या भक्ता राजर्षयस्तथा ।**
**अनित्यमसुखं लोकमिमं प्राप्य भजस्व माम् ॥**[11]
**मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु ।**
**मामेवैष्यसि युक्त्वैवमात्मानं मत्परायणः ॥**[12]

---

[3] श्रीमद्भगवद्गीता- अध्याय ४, श्लोक: ३४ ।
[4] श्रीमद्भगवद्गीता- अध्याय ५, श्लोक: ०६ ।
[5] श्रीमद्भगवद्गीता- अध्याय ४, श्लोक: ३८ ।
[6] श्रीमद्भगवद्गीता- अध्याय ५, श्लोक: ०३ ।
[7] श्रीमद्भगवद्गीता- अध्याय ४, श्लोक: ३८ ।
[8] श्रीमद्भगवद्गीता- अध्याय ३, श्लोक: ३० ।
[9] श्रीमद्भगवद्गीता- अध्याय ३, श्लोक: ३१ ।
[10] श्रीमद्भगवद्गीता- अध्याय ९, श्लोक: ३२ ।
[11] श्रीमद्भगवद्गीता- अध्याय ९, श्लोक: ३३ ।
[12] श्रीमद्भगवद्गीता- अध्याय ९, श्लोक: ३४ ।

શ્રીમદ્દભગવદ્દગીતામાં ભગવાને વ્યવહારમાં પરમાર્થ સિદ્ધિરૂપ વિલક્ષણ કલા બતાવી છે, જેથી બધા આશ્રમો અને વર્ણોનો મનુષ્ય ભગવાનને શરણે થઈને સરળતા પૂર્વક તેમને પ્રાપ્ત કરી શકે છે.

**૩. સમાપન**

આમ, ગીતામાં જણાવ્યુ છે કે જેનું અંતઃકારણ પોતાના વશમાં છે એવો પુરુષ રાગ-દ્વેષ રહિત થઈને ઈંદ્રિઓના દ્વારા વિષયોનું સેવન કરતો રહીને અંતઃકરણની પ્રસન્નતાને પામે છે અને પ્રસન્નતાને પામીને તેના બધા દુ:ખો નાશ પામે છે અને તે મનુષ્યની બુદ્ધિ જલદી પરમાત્મામાં સ્થિર થઈ જાય છે.

**સંદર્ભગ્રંથ**

૧. શ્રીમદ્દભગવદ્દગીતા સંજીવની ગુજરાતી ટીકા, ગીતાપ્રેસ ગોરખપુર.
૨. શ્રીમદ્દભગવદ્દગીતા સંજીવની હિન્દી ટીકા, ગીતાપ્રેસ ગોરખપુર.
૩. શ્રીમદ્દભગવદ્દગીતા- તેના મૂળસ્વરૂપે, ભક્તિવેદાંત બૂક ટ્રસ્ટ, ઈસ્કોન જુહુ મુંબઈ.
૪. તત્વચિંતામણિ ગીતાપ્રેસ ગોરખપુર.